સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ખાતે

ગાંધીનગરના યુવાન કલાકારો દ્વારા હૃદયસ્પર્શી નાટકનો અદ્‌ભૂત પ્રયોગ

કૉમેડીના રસ્તા પર ચાલીને એક સ્ત્રીના દિલ સુધી પહોંચતું નાટક પ્રેક્ષકોને સ્પર્શી ગયું : હકડેઠઠ ભરાયેલા થિયેટરમાંય પ્રેક્ષકો બે કલાક બેસી રહ્યા

તસવીર : કમલેશ શાહ

ગાંધીનગર, તા. ૨૬

સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટેલીવિઝન ઈન્સ્ટીટ્યુટ ખાતે શુક્રવારે રાત્રેજાહેર જનતા માટેઆયોજિત નાટક 'અનારકલીનોસ્વયંવર' સુપર હીટ રહ્યું હતું. ગાંધીનગરના યુવા કલાકારોએ લાજવાબ પરફોર્મન્સ આપીનેપ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. સૌ પ્રેક્ષકોએ એક અવાજે નાટકના વખાણ કર્યા હતા, બેમોઢે કલાકારોના પરફૉર્મન્સને સરાહ્યુંહતુંઅનેઅસંખ્યવાર તાળીઓ વગાડીનેએમનેપ્રોત્સાહન આપ્યુંહતું.

હેમંત અડાલજા નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત 'અનારકલીનો સ્વયંવર' નામક આ નાટકની વિશેષતા એ હતી કે નાટક સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન હતું. અભિનેતાઓથી માંડીને ટૅકનીશિયન્સ સુધીની સમગ્રટીમના સભ્યો ગાંધીનગર શહેરના રહેવાસી હતા. એમાંય બે અભિનયકર્તાઓ તો એવા હતા કે જેઓ પ્રથમ વખત જ પૂર્ણ લંબાઈના નાટકમાં પોતાનું પરફૉર્મન્સ આપી રહ્યા હતા. તેમ છતાં સૌનું પરફૉર્મન્સ એવું તો અદ્‌ભૂત રહ્યું હતું કે, પ્રેક્ષકો આફરીન પોકારી ગયા હતા. ગાંધીનગરના કલાકારોને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર ઉપરાંત અમદાવાદના પ્રેક્ષકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જે કારણે હૉલની ક્ષમતા કરતાં ત્રણ ગણા પ્રેક્ષકો ઓપન ઍર થિયેટરમાંએકત્ર થયા હતા. અલબત્ત, શિસ્તબદ્ધ પ્રેક્ષકોએતેમ છતાં એકમેકને અનુકૂળ થઈનેય નાટક માણવાનુંછોડ્યું ન હતું. બે કલાક ચાલેલું આ નાટક પ્રેક્ષકોએ મન ભરીને માણ્યું હતું. કૉમેડીના રસ્તે ચાલીને એક સ્ત્રીના દિલ સુધી પહોંચતું નાટક પ્રેક્ષકોને ખરેખર ભાવવિભોર કરી ગયું હતું. કુંતલ નિમાવતના કાબેલ નિર્દેશનમાં ગાંધીનગરની ઉજળી આવતીકાલ સમા યુવા કલાકારો માલા લોહાણા, જીમેશ પટેલ, ભાવેશ ગજ્જર, સ્વપ્નીલસિંહ વાઘેલા, બ્રિજરાજસિંહ ઝાલા, દિવ્યકાન્ત વર્મા અને જયદીપ ઉપલાએ પોતાના વાસ્તવિક અભિનયથી નાટકને અજવાળ્યું હતું.

નેપથ્ય સંચાલન સૌમ્યા જોષી દ્વારા, સંગીત સંચાલન ઋષિકેશ દ્વારા અને પ્રકાશ સંચાલન વિપુલ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

બી.બી.એ. કોલેજ ગાંધીનગર આયોજીત સમર વર્કશોપની પૂર્ણાહુતિ યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન-બી.બી.એ. દ્વારા આયોજીત ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટેના સમર વર્કશોપનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ગત રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો, કૌશલ્યોની જૂઆત કરી હતી અને ભાગ લેનાર દરેકને પ્રમાણપત્ર એનાયત કરી નવાજવામાં આવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન (બીબીએ), ગાંધીનગર દ્વારા ધો-૧૨નાં વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલા છ દિવસીય નિઃશુલ્ક સમર વર્કશોપનાં અંતિમ દિવસે આજે વિદ્યાર્થીઓએ હકારાત્મક પ્રતિભાવો રજુ કર્યા હતાં તેમજ તેમની આગવી પ્રતિભાઓ તથા કૌશલ્યોની રજૂઆત કરી હતી. વર્કશોપમાં નિયમીત હાજર રહેવા તથા વર્કશોપની વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવેલું તેમજ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ વણજારા મહેશ તથા કુ. પંચાલ ઝીલને અનુક્રમે મિસ્ટર તથા મિસ વર્કશોપનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. સમગ્ર વર્કશોપ દરિયાન સંસ્થાનાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓએ જહેમત ઉઠાવી વર્કશોપને સફળ બનાવ્યો હતો. આસિસ્ટન્ટ પ્રોફેસર જયેશ તન્નાએ વર્કશોપ કો-ઓર્ડિનેટર તરીકે સફળ કામગીરી નિભાવી હતી.

જીટીયુ તમામ એન્જિ અને ફાર્મસી

કૉલેજોને પૂરતા સ્ટાફ માટેની વ્યવસ્થા કરવા તાકીદ કરાઈ

નવા શૈક્ષણિક સત્રની શરુઆત પૂર્વે સ્ટાફ-લેબોરેટરીની વ્યવસ્થા નહી કરનાર કોલેજ સામે કડક પગલાઓ ભરાશે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીએ આગામી નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પૂર્વે તમામ એન્જિનીયરીંગ અને ફાર્મસી કોલેજોને સ્ટફની સંખ્યા અને લેબોરેટરીની સ્ટાફની વ્યવસ્થિત કરવા તાકીદ કરી છે. જો આમ નહીં થાય અને ફરિયાદ મળશે તો દંડ ફટકારાશે.

એડમિશન કમિટી દ્વારા હાલ એન્જિનીયરીંગ અને ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. બીજીબાજુ એઆઈસીટીઈ અને જીટીયુએ કોલેજોમાં કરેલી તપાસ દરમિયાન અનેક ક્ષતિઓ બહાર આવી છે. આ અંતર્ગત બેથી ત્રણ કોલેજોને દંડ પણ ફટકારવામાં આળ્યો છે. તેમ છતાં અન્ય કોલેજો બિન્દાસ્ત પણે ક્ષતિઓ દૂર કરવાનું નામ લેતી નથી.

આવી કોલેજો સામે જીટીયુને લાલ આંખ કરી છે. જીટીયુએ આગામી નવા શૈક્ષણિક સત્રની શરુઆત થાય તે પહેલા કોલેજોમાં સ્ટાફ સહિતની સમસ્યાનું નિવારણ આવી જાય તે માટે તમામ એન્જિનીયરીંગ અને ફાર્મસી કોલેજોને તાકીદ કરી છે કે તમામ કોલેજોએ નવા શૈક્ષણિક સત્રની શરુઆત પહેલા પૂરતા સ્ટાફની વ્યવસ્થા કરવાની રહેશે આ ઉપરાંત લેબોરેટરીની પણ વ્યવસ્થા કરવાની રહેશે. જો આ વ્યવસ્થા તાત્કાલીક નહી કરાય તો કોલેજો સામે કડક પગલા ભરાશે. તેવી જીટીયુએ તાકીદ કરી છે. જીટીયુએ પોતાની વેબસાઈટ પર તાકીદ કરતો પરિપત્ર મૂકી દીધો છે.

ગુજ. યુનિ.ની બીએ કૉલેજમાં ૧૨મીથી ફોર્મ વિતરણ કરાશે

ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા ૧૪મી જુન સુધી હાથ ધરાશે : ફોર્મ૧૦માં મળશે : ૧૬મીએ પ્રથમ મેરીટ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ કોલેજોમાં ૧૨મી જૂનથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. કોલેજોએ સેમીસ્ટર દીઠ જ ફી લેવાની રહેશે. આમા વર્ષની ફી લેનાર કોલેજ દંડને પાત્ર બનશે. પ્રવેશ ફોર્મની કિંમત રૂપિયા ૧૦જ લેવાની રહેશે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થતા હવે આર્ટ્સ અને કોમર્સ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં કોમર્સ કોલેજોની પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ ગઈકાલે જાહેર થઈ ગયો છે જ્યારે આર્ટ્સ કોલેજોમાં તા.૧૨મી જૂનથી ફોર્મ વિતરણ થશે. ફોર્મ વિતરણ અને ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા તા.૧૪મી જૂન દરમિયાન હાથ ધરાશે. કોલેજો પ્રવેશ ફોર્મ પેટે રૂપિયા ૧૦જ લઈ શકશે. અન્ય કોઈપણ પ્રકારની ફી લઈ નહીં શકે.

કોલેજો દ્વારા ઓપન મેરીટ પ્રથમ યાદીની જાહેરાત તા.૧૬મી જૂન દરમિયાન હાથ ધરાશે. જેની ફી સ્વીકારવાની પ્રક્રિયા તા.૧૮ અને ૧૯મી જૂન દરમિયાન સવારે ૯.૦૦ વાગ્યાથી હાથ ધરાશે. કોલેજો દ્વારા ઓપન મેરીટની બીજી યાદીની જાહેરાત તા.૨૦મી જૂને કરાશે. જેની ફી તા.૨ અને ૨૨મી જૂનના રોજ સ્વીકારાશે. ઓપન મેરીટની ત્રીજી યાદીની જાહેરાત તા.૨૩મી જૂને કરાશે જેની એજ દિવસે સ્વિકારાશે. તમામ અનામત કેટેગરીની પ્રથમ મેરીટયાદીની જાહેરાત તા.૨૬ અને ૨૭મી જૂને સવારે ૯.૦૦ વાગે હાથ ધરાશે. અનામત કેટેગરીની બીજી મેરીટ યાદીની જાહેરાત તા.૨૮મી જૂને કરાશે. જેની ફી તા.૨૯મી જૂને હાથ ધરાશે. જરૂર પડશે તો અનામત કેટેગરીનીત્રીજી મેરીટ યાદીની જાહેરાત તા.૩૦મી જૂને કરાશે જેની ફી એ જ દિવસે સ્વીકારાશે. આ પછી અનામત કેટેગરીની સીટો ખાલી રહેતો યુનિવર્સિટીની પૂર્વ મજૂંરી મેળવી સૂચના મુજબ ભરી શકાશે.

ગુજ. યુનિ.એ જાહેર કરેલા પ્રવેશના નિયમોમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોલેજોએ સેમીસ્ટર દીઠ ફી લેવાની રહેશે. આખા વર્ષની ફી લેનાર કોલેજો દેડને પાત્ર રહેશે. આ ઉપરંત સુધીમાં કાયમી આચાર્ય નિમવાના રહેશે અથવા વધારા અધ્યાપક લઈ સિનિય અધ્યાપકને આચાર્યનો ચાર્જ સોંપાવો પડશે.

સ્વ. માણેકલાલ પટેલનાં સંસ્મરણો જીવનચરિત્રમાં સમાવેશ જોગ

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર પૂર્વ ચેરમેન તથા કડી વિશ્વવિદ્યાલય ગાંધીનગરમાં પૂર્વ પ્રેસીડેન્ટ કેળવણી પ્રેમી શ્રી માણેકલાલ એમ. પટેલનું જીવન ચરિત્ર સુપ્રસિદ્ધ લેખક મોહનલાલ પટેલ તૈયાર કરી રહ્યા છે. સંબંધિત સહુ કોઈને જાહેર જનતાને જણાવવાનું કે, જેમની પાસે સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલ સંબંધી ફોટો, વીડિયો, ઓડિયો કે તેમની સાથેના સંસ્મરણો, લેખ સામગ્રી હોય તેમણે સત્વરે આ સામગ્રી નીચેના સરનામે મોકલી આપવી. પ્રા. મણિભાઈ પ્રજાપતિ (મો.) ૯૬૦૧૨૭૩૮૭૮, ૯૬૦૧૨૭૩૮૩૬, પ્રકાશન વિભાગ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સે-૧૫, ગાંધીનગરનો સંપર્ક કરવો.

ધોરણ ૧૨ સીબીએસઈનું

પરિણામ જાહેર ન થતાં વિદ્યાર્થીમાં ભારે નિરાશા

અમદાવાદ, તા. ૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડ્રી એજ્યુકેશન દ્વારા ધોરણ ૧૨નું પરિણામ આજે ૨૬ તારીખે જાહેર થવાનું હતું. જે હવે ડિક્લેર થશે નહીં અને બે દિવસ બાદ એટલે કે ૨૮ તારીખના રોજ સવારે ૧૧ કલાકે જાહેર થશે. આ દિવસે પરિણામ સીબીએસઈની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ત્યાબાદ વિદ્યાર્થીઓ પોતાનો રોલનંબર નાંખી પરિણામ જાણી શકશે. બે દિવસ અગાઉ ૨૪મી તારીખે ધોરણ ૧૦ સીબીએસઈનું પરિણામ જાહેર થયું હતું. પરંતુ સીબીએસઈ દ્વારા કોઈ સેન્ટ્રલાઈઝ સિસ્ટમ ન હોવાને કારણે ઘણા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ જાણવાથી વંચિત રહ્યા હતા. સીબીએસઈ ઓફિસ ગાંધીનગર પાસે પરિણામ અંગેની કોઈ જ માહિતી હોતી નથી. ગત માર્ચ મહિનામાં ધોરણ ૧૨ની પરીક્ષા યોજાઈ હતી. જેનું પરિણામ આજે જાહેર થવાનું હતું અને આખરી ઘડીએ આ પરિણામને મુલત્વી રાખવામાં આવ્યું હતુ. જેઅંગે સીબીએસઈ કાઉન્સિલર જમિલા ફિરદોષનો સંપર્ક સાંધતા તેમને આ અંગે કોઈ માહિતી ન હોવાનું જણાવ્યું હતું. બીજીબાજુ પરિણામ છેલ્લી ઘડીએ જાહેર નહીં થવાને કારણે વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

રવિવારની રમૂજ

ટ્રાફિક પોલીસ (હાથમાં રસીદબૂક લઈને) : ચાલો, નામ બોલો...

બાઈકસવાર : તિરુકુલાવલ્લી યેદુરાપટ્ટી ઠેકરરામ્બી પોંડાગિરીસ્વામી રાજશેખરા ઐય્યર.

પોલીસ : (રસીદબૂક પરત પાઉચમાં મૂકતાં) : હવેથી ગાડી જરા ધીમે ચલાવજો...

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

એક ભિખારીને ૧૦૦ રૂપિયાની નૉટ મળી. એ ફાઈવસ્ટાર હૉટલમાં જમવા ગયો. બિલ આવ્યું રૂપિયા ૩ હજાર. ભિખારીએ ખાલી ખિસ્સાં બતાવ્યાં. મૅનેજરે ઍને પોલીસને સોંપી દીધો. ભિખારીએ પોલીસવાળાને ૧૦૦ રૂપિયાની નૉટ આપી અને એ છૂટી ગયો!... આને કહેવાય ફાઈનાન્સ મૅનેજમૅન્ટ વિથઆઉટ ઍમબીએ!!!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

છોકરી : મને તો મારા આ જન્મદિને 'બ્લૅકબૅરી' અથવા 'ઍપલ' જોઈએ.

છોકરો : જામફળની સીઝન છે બકા, જામફળ માગ ને!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

સંતા સમુદ્રમાં દહીં નાખી રહ્યો હતો. બંતાએ આ જોયું ને પૂછ્યું, 'તું આ શું કરી રહ્યો છે?'

બંતાએ કહ્યું, 'લસ્સી બનાવી રહ્યો છું.'

સંતાએ કહ્યું, 'તું આવાં કામ કરે છે એટલે જ લોકો તારા પર જૉકસ બનાવે છે. આટલી બધી લસ્સી કોણ પીશે? તારો બાપ?'

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

ફેસબૂક અને ફ્રીઝમાં કૉમન શું છે?

ખબર છે કે અંદર કંઈ જ નથી, તોય વારંવાર ખોલી-ખોલીને જોવું તે!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

શિક્ષકે પૂછ્યું, 'કયું પક્ષી સૌથી વધુ ઝડપે ઊડે છે?'

વિદ્યાર્થી : હાથી.

શિક્ષક : નાલાયક! આટલુંય નથી ખબર! કોણ છે તારા પપ્પા?

વિદ્યાર્થી : એ તો ડૉનની ગૅન્ગમાં શાર્પ શૂટર છે.

શિક્ષક : બેસી જા બેટા. હાથી એ સાચો જવાબ છે!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

મુંબઈથી તમે અમદાવાદ તરફ સફર કરી રહ્યા હો તો તમારી સાથેના ઉતારુ ક્યાંના છે? એ પૂછવાનીય તમને જરૂર ન પડે, માત્ર એના વર્તન પરથી જ ખબર પડી જાય.

જેમકે, ટ્રેન પ્લૅટફૉર્મ પર આવે ને ઊભી રહે એ પહેલાં જ ઊતરીને સ્ટેશન છોડી જાય એ માણસ સુરતી.

ટ્રેન પ્લૅટફૉર્મ પર આવે, ઊભી રહે ને પછી સાચવીને જે એમાંથી નીચે ઉતરે એ માણસ બરોડાનો રહેવાસી.

અને ટ્રેન પ્લૅટફૉર્મ પર આવે, ઊભી રહે, બધા યાત્રીઓ નીચે ઊતરી જાય ને પછી આખોય ડબ્બો 'ચૅક' કર્યા પછી નીચે ઊતરે એ અમદાવાદી!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

જજ : છગન, તારા ઉપર આરોપ છે કે લગ્નના પંદર દિવસ પછી તું તારી પત્નીને છોડીને ભાગી ગયો હતો. તારે એના બચાવમાં શું કહેવું છે?

છગન : સાહેબ, બચાવ કરવા જેટલો હું શક્તિશાળી હોત તો આમ ભાગી જાત ખરો?

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

નર્સ : મુબારક હો, સર. આપના ઘરે પુત્રનો જન્મ થયો છે!

છગન : અરે વાહ! શું ટૅકનોલૉજી છે! મેં તો મારી પત્નીને હૉસ્પિટલમાં દાખલ કરી હતી અને પુત્રનો જન્મ ઘરે થયો! વાહ ભાઈ વાહ!

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

'પ્રવાહની સાથે તો બધા જતા હોય છે, પ્રવાહથી વિરુદ્ધ જાય તે કંઈક બની શકે છે...' આવું હજુ તો હું એને સમજાવું એ પહેલાં તો ટ્રાફિક પોલીસે રસીદ ફાડી જ નાખી.

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

એક માણસે પોતાના ઘરમાં ચારેય તરફ પ્રાર્થનાઓ ચોંટાડી રાખી હતી. એના મિત્રએ પૂછ્યું, 'તું આટલી બધી પ્રાર્થનાઓ કરે છે?'

એણે કહ્યું : 'ના. હું તો ભગવાનને કહું છું કે આ બધી પ્રાર્થનાઓ વાંચી લે ને મારું ભલું કર. મને પ્રાર્થના કરવાનો બહુ કંટાળો આવે છે.

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : હું જ્યારે તારી ઉંમરનો હતો ત્યારે મને ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ મળતા હતા.

વિદ્યાર્થી : તમને કોઈ સારા શિક્ષક ભણાવતા હશે.

☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺

ભાઈ, જિંદગીનો કોઈ ભરોસો નથી. એટલે જ હું આઈસક્રીમ અને મીઠાઈ ખાઈ લીધા પછી જ ભોજન કરું છું.... ક્યાંક ટળી ગયા તો જીવ 'ડેઝર્ટ'માં ન રહી જાય ને!

પ્રાર્થના એટલે અરજ, વિનંતી, નમ્ર માગણી, ઈશ્વરની સ્તુતિ

સ્વાર્થથી ભરેલી પ્રાર્થના એ પાણીનો કૃત્રિમ ફુવારો છે અને નિસ્વાર્થ પ્રાર્થના એ શ્રાવણની હેલી છે

દ્રૌપદીએ ભરી સભામાં શ્રીકૃષ્ણના નામનો પોકાર કર્યો કે તુરત જ હાજર થઈ ચીર પૂરી અબળા નારીની લાજ બચાવી; એક મગરમચ્છના જડબામાં જડબેસલાક પગ ફસાઈ ગયો ત્યારે ગજેન્દ્રએ આર્તનાદ કરી પ્રભુ પોકાર્યા અને ગજેન્દ્ર મોક્ષ થયો; પ્રહલાદે ધગધગતો થાંભલો જોઈ ધરણીધરનું ધ્યાન ધર્યું અને નરસિંહ પ્રગટ થયા; મીરાંનો ઝેરનો પ્યાલો અમૃતમાં પરિવર્તિત થઈ ગયો. આવા ચમત્કારોનાં ઉદાહરણોનો કોઈ પાર નથી, બેડો પાર થવાનું બધા કિસ્સાઓનું પ્રમુખ પ્રેરક બળ છે : પ્રાર્થના.

પ્રાર્થના એટલે અરજ, વિનંતી, નમ્ર માગણી, ઈશ્વરની સ્તુતિ, અંતરની આરઝૂ. 'પ્ર' એટલે શ્રેષ્ઠ અને 'અર્થ' એટલે મતલબ, ઈચ્છા જેવા અર્થ થાય છે. ગાંધીજીએ કહ્યું કે પ્રાર્થના આત્માનો ખોરાક છે, પ્રાર્થના ધર્મનો સ્તંભ છે. કોઈએ વળી કહ્યું કે પ્રાર્થના એટલે મનનો ઉઘાડ, પરમાત્મા સુધી પહોંચવાની પાંખ, આત્માનું શુદ્ધિકરણ, હૃદયની અખૂટ શ્રદ્ધાનું મુખેથી થતું ઉચ્ચારણ, ભક્તોએ ભગવાન માટે ગાયેલું ગીત, ઈશ્વર સાથે સીધી વાતચીત, ભગવાન ઉપરના ભરપૂર ભરોસાનું ઉમળકાભર્યું ઉર્ધ્વીકરણ - જેવી અસંખ્ય વ્યાખ્યાઓ પ્રચલિત છે, પણ પ્રાર્થનાની વ્યાખ્યા કરવી અને ખરેખર પ્રાર્થના કરવી એ બેમાં આભ-જમીનનું અંતર છે.

પ્રાર્થના વગરના શબ્દો કરતાં શબ્દો વગરની પ્રાર્થના લાખ દરજ્જે ચડિયાતી છે. માણસના શબ્દોમાં પણ માગણી જ માગણી હોય છે. કોઈએ સાચું જ કહ્યું છે કે,

હાથ પગ આપીને ઈશ્વર પણ આજે પસ્તાય છે, માનવીની જાત આખી માગનારી નીકળી!!

એક પણ માગણી ન હોય એવી પ્રાર્થના કરનાર એક તો બતાવો! આમ થશે તો એક શ્રીફળ, તેમ થશે તો થાળ, આમ થશે તો રૂા. ૧૧૧૧/-, આમ થશે તો દાન - પ્રાર્થનાના બહાને માણસ ભગવાન સાથે સ્હેજ પણ શરમ રાખ્યા વિના સૉદાબાજી કરવા મંડી પડે છે. એક શ્રીફળની માનતામાં એક લાખની લૉટરી લાગવા માટે માગણી કરતા માનવી વિષે ઉપરની બે પંક્તિઓ ખરેખર બંધબેસતી છે. એક પણ માગણી વગરની એક પ્રાર્થના એક વખત પ્રભુ સામે કરી જુઓ, સુખ જ સુખ છે. સુખને એક અવસર તો આપો.

તમારે ક્યારે, કેટલું, કેમ, શું શું જોઈએ છે એની પ્રભુને બધી ખબર છે, પાડોશીને ત્યાંથી માગી લાવેલી એક તાંદુલની પોટલીએ સુદામાને જે સુખસાહ્યબી અપાવી એ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સ્વાર્થથી ભરેલી પ્રાર્થના એ પાણીનો કૃત્રિમ ફુવારો છે અને નિસ્વાર્થ પ્રાર્થના એ શ્રાવણની હેલી છે. પલળવાનું તો બંનેમાં છે, પણ શ્રાવણની તો આખી વાત જ જુદી છે.

પોતાનું ઘર હોય, ઘરમાં એક નાનકડો અલાયદો ઓરડો હોય. અહીં ઈષ્ટદેવતાનું એક નાનકડું મંદિર હોય, નીરવ શાંતિ હોય, ચોખ્ખા ઘીના દીપકની ઊર્જાનો ઉજાસ પથરાયેલો હોય, સુખડ-ચંદન કે મનપસંદ ધૂપસળીની ચૉમેર સુવાસ પ્રસરતી હોય, બેસવાનું સાદું સુતરાઉ આસન હોય, એની ઉપર પદ્માસન વાળી બેઠા હોય, કોઈ વાતન હોય કે કોઈ સંવાદ ન હોય, સામે ઈષ્ટદેવતાની મૂર્તિ હોય, તમારી નજર ભગવાનની આંખો સામે હોય અને ભગવાનની દૃષ્ટિ - અમી નજર તમારા ઉપર હોય; આ વખતે તમે પોતે તમે છો એવું ભાન પણ ન હોય; તમે ધ્યાન દોર્યું છે તેનું પણ ધ્યાન ના રહ્યું હોય; ન સુખ હોય, ન દુખ હોય, જન્મ-મૃત્યુ બંનેની દશા ઉપરથી મન બહાર નીકળી ગયું હોય, મારું-તારું કંઈ ન હોય, કોઈ ફિકર નથી કુટુંબની ને નથી કોઈ ચિંતા નીજની, આત્મા પરમાત્મામાં ઓગળી રહ્યો હોય, ઓરડામાં મૌનનો નાદ હોય, ઓરડામાં બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે જેવી સ્થિતિ હોય, આંખમાંથી દડ-દડ આંસુ પડ્યે જતાં હોય.... વિશ્વરૂપ દર્શન વખતે અર્જુનની જે હાલત હોય તે રીતે દયાળુ દીનાનાથ કૃપા કરી તમને વારાફરતી બ્રહ્મ અને બ્રહ્માંડનાં દર્શન કરાવતા હોય ત્યારે આખા ઓરડાનો વૈભવ નજરે પડતો હોય જે વૈભવ આગળ અંબાણી, અદાણી, ટાટા, બિરલા, વૉરન બફેટ અને બિલ ગેટ્સ - આ બધાની ભેગી કરેલી મિલકત પણ ઓછી પડતી હોય ત્યારે તમે પોતે કેવા ને કેટલા ઐશ્વર્યના માલિક છો એ ખબર કેવી રીતે પડે! કારણ કે અત્યારે તમે ખુદ ખુદા છો, ભગવાન છો. ભગવાનનાં મૂલ તમે કરશો કેવી રીતે? આ પ્રાર્થનાની તાકાત છે. શાંતિ શોધવા જવાની ક્યાંય જરૂર નથી, શાંત થઈ જાવ, બસ. પછી જે ખુમારી ને ખુદારી આવશે તે કંઈક આવી હશે,

ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયું, મસ્તક ને હાથ; બહુ દઈ દીધું નાથ! જા, ચોથું નથી માગવું!!

દરેક દિવસે એક જ વખતની પ્રભુ પ્રાર્થના એટલે આખી જિંદગીની નિરાંત.

- પી એમ પરમાર 'દર્શન'